ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ગુપ્ત ગજવાંમાંથી પણ 'સ્રી' કર કાઢી લેશે,*
*પટાવી પ્રેમથી 'સ્રી' પ્રજાનો કસ કાઢી લેશે.*
*પસ કાઢી લેશે, પીડા વિના પ્રેમે પટાવીને -*
*નાણાં ખાતાંથી 'સીતા' વિજયી જશ ખાટી લેશે!*
*(નિષ્ણાત નાણાશાસ્રી સીતારામન)*

હાઈકુ

*'નાણું' સર્વોચ્ચ -*
*બધા જ વિભાગોની -*
*ચોટી હાથમાં...*

*કરશે યુદ્ધ*
*આર્થિક મોર્ચે પણ -*
*સીતા-રામન...*

### ચિંતન

**શેષત્વાત્પુરુષાર્થવાદો યથાન્યેષ્વિતિ જૈમિનિઃ ।**

**ઉપરોક્ત શ્લોક સુભાષિત 'રત્ન ભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.**

**આચાર્ય જૈમિનિનો અભિપ્રાય જરા જુદો છે. એમનાં મંતવ્ય મુજબ પુરુષાર્થનું પ્રધાન સાધન જ્ઞાન નથી, પરંતુ કર્મ છે. કર્મથી જ જીવનના પરમપુરુષાર્થની સિદ્ધિ થાય છે. બ્રહ્મવિદ્યાને ગમે તેટલી ઉત્તમ, આદર્શ અને આશીર્વાદરુપ માનીને તો પણ એ છે તો કર્મનું અંગ જ. કર્મથી એને છૂટી ના પાડી શકાય અને કર્મ સિવાય એને શક્ય પણ ના બનાવી શકાય.**

**જૈન ધર્મ સિદ્ધાંત પ્રમાણે કોઈ પણ કર્મ બાંધવું નહીં નિષ્કર્મ રહેવું પણ આચાર્ય જૈમિની કહે છે જીવનમાં 'કર્મ'વિના કંઈ જ શક્ય નથી. કર્મ તો ન કરો તો પણ થયા જ કરતું હોય છે. 'દિક્ષા' લેવી એ જ શું મોટું ખર્મ નથી ?**

**કર્મથી દૂર ભાગવું - એનાથી મુક્ત રહેવાની ક્રિયા - પ્રયત્ન પણ એક 'કર્મ' જ નથી.**

### સુવિચાર

- ઈંસાન વહીં 'શ્રેષ્ઠ' હે જો બુરી સ્થિતિ મેં 'ફિસલે' નહીં, ઔર અચ્છી સ્થિતિ મેં 'ઉછલે' નહીં - **ઓશો**
- 'સરસ છે' કહીને અટકે નહીં ને 'અમારે શું ??'
  કહીને છટકે નહીં... તે જ સાચો 'સ્નેહી' - **સલીલ તિરમીઝી**
- એક 'કાશ...' બહુ બધી 'આશ' અને મર્યાદિત 'શ્વાસ' વચ્ચે અટવાયેલી
  રમતનું નામ એટલે... 'જિંદગી' - **મૃંગેશ શાહ**
- જવાબદારી અને તકલીફો. આ બંનેનું સકારાત્મક પરિણામ એટલે 'પ્રગતિ' - **બી.એન. દસ્તુર**
- મનને પકડી રાખો, મનને છોડી દેશો તો કપાયેલી પતંગની માફક બધા લૂંટી જશે - **સ્વામી સચ્ચિદાનંદ**
- શાંત વાતાવરણ જિંદગીની બધી જ વાસ્તવિકતાઓથી પરિચય કરાવી શકતું નથી.
  અમુક વાતો તો વાવાઝોડું જ શિખવી શકે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : કાકડી અને લીલી હળદરનો મિક્ષરમાં જ્યુસ કાઢી ચાર-ચાર ચમચી સવાર-સાંજ પીવાથી આર્થરાઈટીસના દુઃખાવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર નદીને પોતાની તાકાત અને પોતાની ઉપયોગીતાનો ઘમંડ થયો. એને થયું કે મારામાં કેટલી તાકાત છે. પટાડમાંથી નીકળી સતત અટક્યા વગર લાંબો રસ્તો કાપીને દરિયાને મળવા જઉં છું. રસ્તામાં કિનારે વસનારને મારું પાણી વાપરવા આપી કલ્યાણ કરું છું. ખેતરોને લીલાછમ્મ રાખું છું. મકાન, વૃક્ષ, માનવ કે પશુ જે વચ્ચે આવે એને મારી સાથે વહાવી લઈ જાઉં છું. નદીએ સમુદ્રને ગર્વભેર કહ્યું, 'બોલો સ્વામી, તમારા માટે હું શું લાવું. મકાન, પશું માનવ, વૃક્ષ વગેરે તમે જે ઈચ્છો એ બધું જ જડમૂળમાંથી ઉખાડીને અહીં લાવી દઉં. સમુદ્ર નદીની વાત સાંભળી સમજી ગયો કે નદીને અહંકાર આવી ગયો છે. સમુદ્રએ કહ્યું, 'જો મારા માટે કં જ લાવવાની જરૂર નથી. મારા પેટાળમાં અનેક રત્નો છે. જો તું કરી શકે તો એટલું પાણી લઈઆવ કે મારા મારા જળની ખારાશ દૂર થઈ જાય!' નદી મુંઝાઈ ગઈ, કારણ કે આ કામ તેની તાકાત બહારનું હતું. નદીએ કહ્યું, 'સ્વામી, આપનું જળ ખારું જ છે, એ હું મીઠું કરી શકું તેમ જ નથી આપના જળ ખનીજોને લીધે ખારા છે. જે ઉપયોગી છે. બીજું કંઈક માગો તો લાવી દઉં.' સમુદ્રએ કહ્યું, 'જો મારો ખારો સ્વાદ ઉપયોગી છે તો તારો પ્રચંડ વેગ પણ કલ્યાણકારી હોવો જોઈએ. તું તારો અહંકાર છોડ અને કલ્યાણ માર્ગ અપનાવ. વેગ શાંત કર, માર્ગમાં આવતા સૌનું કલ્યાણ કર.' નદીને સમુદ્રની વાત સમજાઈ. અને એમે વેગ શાંત કરવાનો પ્રયત્ન કર્યા.

# ...અબ કશ્મીર કી બારી હૈ

અદ્દલ પૌરાણિક યુગના અશ્વમેગ યજ્ઞની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના વિશ્વાસુ સાથી અમિત શાહે ભારત વિજયનો સંકલ્પ સિદ્ધ કરી દીધો છે,પરંતુ હજી દેશના બે છેડા બાકી રહી જાય છે. ઉત્તરમાં જમ્મુ અને કાશ્મીર તથા દક્ષિણમાં કેરળ. તમિલનાડુમાં દ્રવિડ પાર્ટીઓનું જ જોર છે એટલે હાલ પૂરતા એને ટચ નહીં કરે. ડીએમકે - અન્નાડીએમકે પૈકી કે જૂથને હાથ પર લઈ એનડીએ સરકારમાં પ્રતિનિધિત્વ આપી દઈ કર્મકાંડ પૂરો કરી દેશે. પરંતુ ખરી સમસ્યા કાશ્મીરની છે. જમ્મુ અને કાશ્મીરના નામે ઓળખઆતું અને ભારતીય સંઘ સાથે સૌથી પાછળથી જોડાયેલું રાજય નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીના તમામ કર્ણધારો માટે માથાનો દુખાવો બની રહ્યું છે. જાણીતા કોંગ્રેસી નેતા ડૉ. કર્ણસિંહના પિતા અને તત્કાલીન કાશ્મીરના મહારાજા હરિસિંહની હાલકડોલક મનોદશાને લીધે આ મુસ્લિમ બહુલ રાજયનો અડધો અડધ ભાગ અત્યારે પાકિસ્તાનના કબજામાં છે જે 'આઝાદ કાશ્મીર'ના નામે ઓળખાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે જ નહીં, બલકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે કાશ્મીર એ રાષ્ટ્રનો મુગટમણિ છે. વારંવાર અખંડ ભારતની સંકલ્પના સંભારીને ભારતમાતાના કાલ્પનિક ચિત્ર સાથે રાષ્ટ્રવાદનો શંખનાદ ફૂંકાતો રહ્યો છે. જયાં પાકિસ્તાનના ચાંદ તારા વાળો લીલો નેજો ફરકતો રહેતો એવા શ્રીનગરના લાલચોકમાં મુરલી મનોહર જોષીના સારથિ તરીકે વર્તમાન

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાને ત્રિરંગો ફરકાવી જબરદસ્ત પરાક્રમ દાખવેલું. અટલ બિહારી વાજપેયી ભારતને એક રાષ્ટ્રપુરુષ કલ્પે છે અને કાશ્મીરને એનું મસ્તક કહે છે. આ જ રાષ્ટ્રવાદ જ નરેન્દ્ર મોદીને તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે 'અબકી બાર તીન સૌ પાર' નીકળી જવાનું બલ પ્રેરે છે. મોદીના જમણા હાથ જેવા અભિનવ ચાણક્ય અમિત શાહના હાથમાં હવે દેશનું ગૃહખાતું આવી ગયું છે. દેશના પહેલાં ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ પર પંડિત નહેરુએ અંકુશ રાખ્યો હતો જેને લીધે કાશ્મીરનો પ્રશ્ન આજપર્યંત લટકતો રહ્યો છે. અમિત શાહને વર્તમાન વડાપ્રધાનનો છૂટો દોર છે એટલું જ નહિં, સમસ્ત દેશ એમની પાસેથી કાશ્મીર સમસ્યાનું નિરાકરણ ઈચ્છે છે. ભારતીય સંઘ સાથેના જોડાણ સંદર્ભે થયેલ કરારને ભૂંગળું વાળીને તાવી નદીમાં ફેંકી દેવાશે તો જ એ સમસ્યાઓ ઉકેલ આવી શકશે. અત્યારે તો બંધારણની મર્યાદામાં રહીને તેમ જ ૩૭૦ કે ૩૫-એ જેવી વિશિષ્ટ સુવિધાઓ આપતી તથા કાશ્મીરને અન્ય રાજયોની સરખામણીમાં સ્પેશિયલ દરજ્જો આપતી કલમોને સ્પર્શ્યા વિના જ નવા સીમાંકનનો ખેલ પાડી દઈને અમિત શાહ જમ્મુ અને કાશ્મીર રાજયમાં ભગવો ફરકાવવા કૃતસંકલ્પ લાગે છે. કાશ્મીરના અલગ બંધારણ મુજબ દર દસ વર્ષે વિધાનસભાની બેઠકોનું નવું સીમાંકન કરવાની જોગવાઈ છે. નેશનલ કોન્ફરન્સના વડા અને વંશાનુગત કાશ્મીરને બાપીકી જાગીર ગણી મોજ કરતાં રહેલા ડૉ. ફારુક અબ્દુલ્લાએ એમના શાસનકાળ દરમિયાન આ સીમાંકન ૨૦૨૬ સુધી યથાવત્ ચૂંટણીપંચ એ સુધારા ૨૬ બાતલ કરી નવું સીમાંકન કરી જમ્મુ પંથકને વધુ બેઠકોની લહાણી કરી શકે. આઝાદ કાશ્મીર માટે ફાળવાયેલી અને દર વખતે જેની ચૂંટણી નથી કરાતી એવી ૨૪ બેઠકો આપોઆપ જમ્મુને મળે કારણ કે ત્યાંથી હિજરત કરીને આવેલા હિંદુ મતદાતાઓ જમ્મુ પંથકમાં વસે છે. આમ સીમાંકનમાં ફેરફાર કરીને ખીણની સરખામણીમાં જમ્મુ અને લદાખને વધુ બેઠકો મળે તો આપોઆપ અલગતાવાદી તેમજ પાક તરફી તત્ત્વો તથા રાજકીય પાર્ટીઓ એમના કદ મુજબ વેતરાઈ જશે. શ્રીનગરમાં ત્રિરંગો ફરકાવવાનું પરાક્રમ કરી ચૂકેલા નરેન્દ્ર મોદીના શાસનકાળમાં જ શ્રીનગરમાં ભગવો ફરકે એથી રૂડું બીજું શું હોઈ શકે !

# ગાડી બુલા રહી હૈ, સીટી બજા રહી હૈ

ભારતના લોકતંત્રને સાચા અર્થમાં ફલિત થયેલું જોવું હોય તો કોઈ ટ્રેનમાં મુસાફરી કરવી પડે. ટ્રેનમાં બધીજ જાતના લોકો આવે, બધી જ કોમના લોકો આવે, પહેલાં ગરીબ અમીર સહુ આવતા, હવે એ લોકો હવાઈ મુસાફરી પસંદ કરે છે. કારણ કે તેમની પાસે આટલો બધો ફાલતું ટાઈમ નથી હોતો. (એવું એ લોકો કહે છે.) પણ સામાન્ય આર્થિક હાલત ધરાવતા સઘળા લોકો મોટે ભાગે ટ્રેનની મુસાફરીને પહેલી પસંદગી આપે છે. બહુ લાંબા અંતરે જવાનું ના હોય અને ગમે ત્યારે સાંજે પાછા આવવું પડે તેમ હોય ત્યારે મજબૂરીપૂર્વક બસમુસાફરી કરવી પડે છે. તે વાત અલગ છે.

હું નાનો હતો ત્યારે અત્યારના જેવી બસ સુવિધા હતી નહીં એટલે અમે નડીઆદથી અમદાવાદ આવવા ગાડીમાં બેસીને આવતા. મોટે ભાગે નહીં કાયમ લોકલમાં બેસતા. એવખતે આગ વડે ગાડીઓ ચાલતી એટલે આગગાડી જેવું આખું ચાર અક્ષરનું નામ બોલવાને બદલે લોકોએ એને ટૂંકુ કરીને બે અક્ષરનું કરી દીધું હતું. એ પછી ડિઝલથી ચાલતી ગાડીઓ આવી. હવે ઘણી બધી ટ્રેનો વીજળીથી ચાલે છે પણ એને કોઈ વિધ્યુત ટ્રેન કહેતું નથી. ગાડી નામ બોલવાનું બહુ ભણેલા દેખાડવા માંગતા લોકો સિવાય બધાને બોલતાં ફાવે છે. હું અઢી વર્ષનો હતો અને નાનપણમાં મારી તબિયત સારી નહીં રહેતી હોવાથી મારી માતાએ મારા સુખ કાજે અમદાવાદ આવવાનું નક્કી કર્યું.ત્યારે હું પહેલીવાર ટ્રેનમાં બેઠો હોઈશ, સૂતો હોઈશ, રડ્યો હોઈશ, હસ્યો હોઈશ, લગભગ નાનું બાળક કરે એવી તમામ ક્રિયાઓ મારા વડે અમદાવાદ આવતાં પહેલાં આરંભાઈ હશે. એ વખતે મારી સાથે મારા માતાપિતા ઉપરાંત ગંગાબહેન તો હશે જ હશે. સૌથી મોટાબેન મણિબેન હતાં કે નહીં એ હવે કોઈને પૂછી શકાય તેમ પણ નથી. અમદાવાદ ઉતરીને લગભગ ઘોડાગાડીમાં બેસીને અમે દરિયાપુર આવ્યા હોઈશું. એ વખતે રિક્ષાઓનું ચલણ હજી શરૂ થવામાં હતું. દરિયાપુરથી કાલુપુર રેલવે સ્ટેશન સુધી અમે કદી રિક્ષામાં બેસીને ગયા હોય તેવું કંઈ યાદ આવતું નથી. હા, ઘોડાગાડીમાં બેઠા હોઈએ એવું ખાસ સાંભરે છે. ચાલતા ગયા હોઈએ અને આવ્યા હોઈએ એવું તો બહુ યાદ છે. એ પછી અનેકવાર અમે નડિયાદ જવા માટે ટ્રેનમાં બેઠેલા છીએ. ૧૯૬૨ માં મેઘાણીનગર રહેવા આવ્યા પછી પણ અસંખ્યવાર ટ્રેનમાં બેસવાનું થયું છે. ત્યારબાદ એસટી સુવિધા વધતાં હવે રેલવે સ્ટેશને જવાનું ઓછું થવા લાગ્યું. ૧૯૯૩માં ગાંધીનગર રહેવા આવ્યા પછી ટ્રેન લગભગ છૂટી ગઈ છે.



મનના ઉમંગો

રણછોડ પરમાર

ટ્રેનમાં નાના બાળકોને ફરવા જવાની બહુ મઝા પડે છે. એક તો શાંતિથી મોટી જગ્યા બેસવા મળે છે. ગમે ત્યાં હળીફરી શકાય છે.એકીપાણી લાગે તો એની ડબ્બામાં જ સગવડ હોય છે. બારી પાસે બેસવા મળ્યું હોય તો બહારના દ્રશ્યો જોવાની મઝા પડે છે. દૂરદૂર દેખાતાં ઝાડ થોડીવાર આપણી સાથે ને સાથે ચાલતાં હોય એવો ભાસ થાય છે. પણ ધીરે ધીરે પાછા પડતાં જાય છે . છેલ્લે દેખાતાં પણ બંધ થઈ જાય જાય. નદી આવે ત્યારે બધાં ઊંચા થઈને જોવા માંડે છે. અમારે નડેયાદ જતાં ત્રણ નદી આવતી હતી. વાત્રક, મેશ્વો અને શેઢી. મારા પિતાજી બારેજડી આવે ત્યારે સ્ટેશનની પાસે આવેલી કાગળની મિલ ખાસ બતાવતા. એક મોટું મકાન દેખાતું . બહાર ઊંચી ઘાસની ગંજીઓ દેખાતી. ઘાસમાંથી કાગળ બને છે એવું પિતાજી સમજાવતા. કશુંય ના દેખાતું હોય છતાં હું રસપૂર્વક તે તરફ તાકી રહેતો.

પિતાજી અમદાવાદથી નડિયાદની વચ્ચે કુલ કેટલાં સ્ટેશન આવે છે તે પણ યાદ રાખવાનું કહેતાં. ગેરતપુર, વટવા, કનીજ. નેનપુર જેવા નામો નવાં નવાં લાગતાં. મણિનગર મારા મોટાભાઈ રહેતા હતા. ત્યાં જવાનો રસ્તો હું ગાડીમાં બેઠા બેઠા બાને બતાવતો એ પણ યાદ આવે છે. અત્યારે સ્ટેશનની પાસે જે ક્રોસીંગ છે ત્યાંથી ડાબી બાજુએ એક કોલોનીમાં તેઓ ભાડે રહેતા હતા. કશુંય ના દેખાતું હોય છતાં હું રસપૂર્વક તે તરફ તાકી રહેતો. ગોઠાજ પછી તરત નડિયાદ આવે છે તે મને ખાસ યાદ રહી ગયેલું. વધુમાં એ પણ યાદ રહી ગયેલું કે નડિયાદ પહેલાં શેઢી નદી આવે છે. શેઢી નદીમાં કાયમ ગંદુ પાણે વહે છે. કારણ કે નડિયાદની ગટરનું પાણી તેમાં છોડવામાં આવે છે. મારી બહેનોના ગામ મરીડા પાસેથી આ નદી વહીને આવે છે. પહેલાં આ નદી આવી ગંદી ન હતી. ઉનાળામાં પણ મહી કેનાલના વધારાના પાણીને લીધે આ નદીમાં થોડુંક પાણી રહેતું. ઢોરોને પાણી પીવરાવવા જ્યારે અમે નદીએ જતાં ત્યારે નહાતા પણ ખરા. વાત્રક પાસે મહેમદાવાદ વસેલું છે. તેમાં મહંમદ બેગડાએ ભમ્મરિયો કૂવો બંધાવેલો છે એવું બાપુજી કહેતા. ઘણીવાર મહેમદાવાદ ગયો છું પણ હજુ આ ભમ્મરિયા કૂવાના દર્શન થયા નથી.

ગાડીમાં બાળકોને વધારે મઝા પડવાનું બીજું કારણ ચાલુ ગાડીએ આવતા વેપારીઓ છે. આખા ભારતમાં હજારો લાખો લોકો ટ્રેનમાં નાનકડો ધંધો કરીને પોતાનું ઘર ચલાવતા હશે. ચણાની દાળવાળા તો આવે ને આવે જ. એક ડબ્બી ચણાની દાળમાં ડુંગરી,

અનુસંધાન પાના નં ૭ પર

# સાચો પ્રેમ હોય ત્યાં હૃદયમાં બિરાજમાન વ્યક્તિને પોતાની પ્રાર્થનામાં સ્થાન આપેલું હોય છે, શરીર અને અપેક્ષાની માયાજાળમાં અટવાયેલાને 'પ્રેમ' ના ઉચ્ચારની પણ અનુમતિ નથી

**(ગતાંક થી ચાલુ)**

હવે મુખ્ય વાત,

પ્રેમમાં ' ભોગ બનનાર ', ઉપભોગનું સાધન બનીને છેવટે તરછોડાયેલ, સતત માનસિક સંઘર્ષથી થાકીને હતાશ થયેલી સ્ત્રીની છે. પ્રેમના નામ પર છેતરનાર, લાભ લઈને તરછોડનાર વિકૃત પુરુષોની આજે કમી નથી. વિકૃતીથી પ્રેરાયેલા પુરુષો બળાત્કાર કરીને સમાચારોમાં ચમકે છે જયારે વાસનાને પ્રેમનો રંગ ચઢાવીને અલ્ટીમેટલી પોતાની માનસિક-શારિરીક જરૂરિયાતો સંતોષતા હેવાનો મ્હોરું પહેરીને આપણી વચ્ચે જ ફરે છે. પોતે સારી વ્યક્તિ છે, ખરાબી સામેની વ્યક્તિમાં છે એ સાબિત કરવાના પણ એમની પાસે અનેક રસ્તા હોય છે. રાજકીય કે ફિલ્મી મોટી હસ્તીઓના જીવનમાં આવેલી સ્ત્રીઓને પણ વગર વાંકે દંડ સહન કરવો પડ્યો છે. (આ લખતી વેળાએ અનેક ઉદાહરણો મનમાં છે પણ એનો અત્રે ઉલ્લેખ કરું એ

### અહમ્‌ને અહેમ બનાવનાર વ્યક્તિની પ્રેમ માટેની પાત્રતા પર પ્રશ્નાર્થ લાગી જાય છે

કરતાં આ વાંચનાર પર એટલું વિચારવાની જવાબદારી છોડું છું) તું નહીં તો ઓર સહી, ઓર નહીં તો કોઈ ઓર સહી વાળી પુરુષની પતંગિયા વૃત્તિથી પીડા પામેલી સ્ત્રી જયારે હિંસક બને છે ત્યારે એ વાત સમાજમાં ચર્ચાનું કારણ બને છે...અને સ્ત્રીની પીડા ભૂલાઈ જાય છે. અનેક રંગરેલીયા મનાવીને ઘરે પાછો ફરેલો પુરુષ અહીં પણ ફરી પાછો સ્ત્રીની લાગણીઓના ઉપયોગથી...એને મનાવી-પટાવી-છેતરીને પોતાને સદગૃહસ્થ તરીકે ગોઠવી લે છે...


પ્રેમ એ સ્ત્રીની નબળાઈ છે...હુંફ એ એની જરૂરિયાત છે...ભરોસાપાત્ર વ્યક્તિ એની ખોજ છે... લાગણી ઝીલનાર પાત્ર એનું સ્વપ્ન છે... સમર્પણ માટે સુપાત્રની એને હંમેશા શોધ છે... સમાધાન માટે હંમેશા તૈયાર રહેતી સ્ત્રીનું કચકડા જેવું નાજુક મન જીવનમાં અનેકવાર આહત્ થાય છે. છતાંય દરેક સંબંધમાં પ્રેમની પરીક્ષા સતત આપતી જ રહે છે અને મોટા ભાગે વિશેષ યોગ્યતાની શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ સ્ત્રીત્વનો ડંકો વગાડે છે.

આ બધું જોઈ-સમજીને મોટી થયેલી અને આજે યુવતી બનેલી દિકરીઓ પોતાની કિંમત બરાબર જાણે છે. માટે જ એ દરેક તબક્કે ચેતીને ચાલનારી અને સ્વના માનને મહત્વ આપનારી બની રહી છે. છૂટાછેડાના કિસ્સા કુદકે - ભૂસકે વધી રહ્યા છે...સહજીવન અઘરું બની રહ્યું છે એ ખરું પણ આ એવો ટ્રાન્ઝીસ્ટ પીરીયડ છે જેમાં સાચા અર્થમાં સ્ત્રી-પુરુષ સમાનતાની અપેક્ષાને આહવાન છે. આજે સ્ત્રી પોતાની લાગણીઓના દૂર ઉપયોગ પર બંડ પોકારી શકે છે કાયદો એની મદદમાં છે. પુરુષનું બધુ જ માફ કરવાની હવે એની તૈયારી નથી. પુરુષે પણ પોતાની વૃત્તિઓ પ્રત્યે જાગૃત થવાની જરૂર છે. આવનારો સમયમાં બહોળા ફેરફારોનો સમય છે...

સાચો પ્રેમ હોય ત્યાં વ્યક્તિને હદયમાં ઉચ્ચસ્થાને બીરાજમાન કરી, પોતાની પ્રાર્થનામાં સ્થાન આપેલું હોય એજ વંદનીય પ્રેમ છે. શરીર અને અપેક્ષાઓની માયાજાળમાં અટવાયેલાને પ્રેમ શબ્દના ઉચ્ચારની પણ અનુમતિ ન હોવી ઘટે. પોતે દુભાવાથી ડરનારી વ્યક્તિ પ્રેમના મોરચે કાયર નીવડે છે. આ એવું યુધ્ધમેદાન છે, જેમાં પોતાની કાયરતાના માત્ર પોતે જ સાક્ષી હોવાય છે. અને આથી જ આવી ઘટનાઓનો લાભ લઈ માણસ આબાદ છટકી જાય છે...અને સાથે જોડાયેલા પાત્રની આંતરિક દુનિયા ડહોળાઈ જાય છે અહમ્ ને અહેમ બનાવનાર વ્યક્તિની પ્રેમ માટેની પાત્રતા પર પ્રશ્નાર્થ લાગી જાય છે.

આ વિષય એવો ઘૂઘવતો દરિયો છે જેમાં હજારો જીવોનો તરફરાટ હંમેશા ચાલું જ છે. એનો કોઈ રામબાણ ઈલાજ નથી. મારા સુધી પહોંચાડાયેલી વ્યથાને મેં શબ્દ સ્વરૂપ દ્વારા સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. યથાર્થ ચર્ચા દ્વારા દરેક પાસાને આવરવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

જે ઈચ્છનીય છે એ છે કે, સ્ત્રીએ લાગણીની ગુલામી માંથી બહાર નીકળી સ્વ-સુરક્ષા અને સ્વની લાગણીઓની સંરક્ષક જાતે જ બનવું પડશે. સ્ત્રીનું મન કે શરીર કોઈ વસ્તુ નથી કે કોઈ એનું માલિક બનવા ચાહે. પ્રેમમાં સમર્પણને સર્વોપરી માનતી સ્ત્રી, પાર્ટનરનો અહમ્ સંતોષવા સ્વમાનને પણ કોરાણે મૂકતી આવી છે...છતાં પણ એ છેહનો ભોગ બને છે. આવા અન્યાયના અનેક ઉદાહરણો આપણી આસપાસ જ છે. પ્રેમની અલૌકિક અનૂભૂતિને પામવાની અને એને નિભાવવાની જવાબદારી બંને પક્ષે સરખી હોય છે એ માટે સજાગતા કેળવવી પડશે. છૂટાછેડા માટે પણ જ્યારે બે વ્યક્તિની સંમતિની જરૂર પડતી હોય તો કોઈ એક પક્ષનો નકારાત્મક નિર્ણય સાયુજ્ય-સંબંધ પર હાવી ન થવા દઈને મક્કમતા કેળવવાની આજે જરૂર છે. આપણે પરસ્પર લડાઈ નથી કરવી પરંતુ બિચારા બનવાથી સહાનુભૂતિ મળી શકે, સન્માન નહીં એ જાણી લેવું જરૂરી છે.



અબીલ-ગુલાલ

મમતા રાવલ

પ્રભુની સમીપતાનો અહેસાસ આપનાર આ પ્રેમ, જગતના નિર્માણ અને વિધ્વંસનું કારકબળ છે. એનું આદર- સન્માન જરૂરી છે. પ્રેમને માધ્યમ બનાવી કોઈના હદયને ઠેસ પહોંચાડવી એ અપકૃત્ય છે. પોતાની અંગત અધૂરપોને છાવરવા થતો આ અમૂલ્ય લાગણીનો ઉપયોગ અધમકૃત્ય છે. વિશ્વાસઘાત એવો ગુનો છે જેનો ન્યાય દુનિયાની કોર્ટમાં નહીં પણ ભગવાનની કોર્ટમાં જરૂર થાય છે.

સત્યમ્ - શિવમ્ - સુંદરમ્ નો પર્યાય પ્રેમ એ જીવનનું પરમ ચાલક બળ છે.

તા.ક. : આ લેખને સમસ્યાના પરિપ્રેક્ષ્યથી જોવા વિનંતી છે. સ્ત્રી કે પુરુષના સંદર્ભમાં નહીં...

**આજે યુવતી બનેલી દિકરીઓ પોતાની કિંમત બરાબર જાણે છે. માટે જ એ દરેક તબક્કે ચેતીને ચાલનારી અને સ્વના માનને મહત્વ આપનારી બની રહી છે. છૂટાછેડાના કિસ્સા કુદકે - ભૂસકે વધી રહ્યા છે...સહજીવન અઘરું બની રહ્યું છે એ ખરું પણ આ એવો ટ્રાન્ઝીસ્ટ પીરીયડ છે જેમાં સાચા અર્થમાં સ્ત્રી-પુરુષ સમાનતાની અપેક્ષાને આહવાન છે. આજે સ્ત્રી પોતાની લાગણીઓના દૂર ઉપયોગ પર બંડ પોકારી શકે છે કાયદો એની મદદમાં છે. પુરુષનું બધુ જ માફ કરવાની હવે એની તૈયારી નથી. પુરુષે પણ પોતાની વૃત્તિઓ પ્રત્યે જાગૃત થવાની જરૂર છે. આવનારો સમયમાં બહોળા ફેરફારોનો સમય છે.**

# પેટ-આંતરડાની ઠંડક માટે

અત્યારે ઉનાળો ફૂલ સ્પીડમાં છે. છાપાઓના પહેલા પાને ગરમીના રેકોર્ડબ્રેકનાં ન્યુઝ આવતા જ રહે છે. આવા સમયે સ્વાભાવિક રીતે જ પેટના રોગો અને પાચનને લગતી તકલીફો વધી જાય. એક તો સિઝન આવી એમાય પાછા કેરી, અને જાત ભાતના અથાણા. ઉપરથી વેકેશનને કારણે ઘર ભર્યું હોય એટલે વારંવાર બહાર હોટલમાં જમવા જવાનું કે પછી ઘરે પંજાબી, ચાયનીઝ, પીઝા જેવી પેટને ભારે પડે તેવી વાનગીઓ બનાવવાની. એટલે સમજોને કે પાચન તો ખાડે જવાનું જ અને પેટ-આંતરડાની ગરમી વધવાની જ. તો આજે આ પેટ અને આંતરડાની ગરમી ઠારવા માટેના અમુક સરળ ઉપાયો વિષે વાત કરીયે.

ઉપાય - ૧ આંતરડાની ગરમી ઓછી કરવાનું એક શ્રેષ્ઠ ઔષધન છે બીલીનું ફળ. આપણે સૌ બીલીના ફળ (બીલા) વિષે જાણતા જ હોઈશું . આપણે ત્યાં શરીરની તેમજ આંતરડાની ગરમીને ઠારવા બીલાના ફળના ગર્ભનું શરબત, મુરબ્બો આદિ પીવાની પ્રથા છે. બીલાના ફળ કાચા હોય તે વધુ સારૂં. બીલાના ફળનો ગર્ભ આંતરડાને પોષક છે. તે ઝાડા-મરડો આદિમાં હિતકર છે. પેટની ચૂંક તેમજ દાહમાં પણ બીલાના ગર્ભનો ઉપયોગ કરી શકાય છે.



પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

ઉપાય - ૨ કાળી દ્રાક્ષ, વરિયાળી, ધાણાજીરૂ, અને ખડી સાકરને મિક્સ કરી લેવા. તેનું શરબત બનાવી રોજ સાંજે પીવું. આ શરબત થી આંતરડા તેમજ શરીરની ગરમી ઘટે છે. દ્રાક્ષ, વરીયાળી અંને ધાણાજીરું ઠંડક આપે છે તેમજ પાચનતંત્ર માટે હિતકર છે.

ઉપાય - ૩ સમયસર અને પુરતા પ્રમાણમાં પાણી પીવું. ઉનાળા દરમિયાન ગરમીને કારણે પરસેવો ખૂબ થાય તેવા સમયે જો પાણી પુરતું ન પીવામાં આવે તો dehydration જેવી અનેક તકલીફો થઈ શકે. મેં તો એ પણ જોયું છે કે ઉનાળાની આવી ગરમીમાં પુરતું પાને ન પીવાથી વ્યક્તિને માથું ભારે રહ, એસીડીટી થાય, અને કબજીયાત જેવા પણ પ્રોબ્લેમ જોવા મળે. આથી પાણી પુરતા પ્રમાણમાં પીવું.

ઉપાય ૪ : અમુક આયુર્વેદિક ઔષધો અને ઔષધ યોગો પેટને ઠંડક આપવામાં બહુ અસરકારક છે. ઔષધો જેવાકે જેઠીમધ, શતાવરી, આમલા, ગોખરું, મોથ, લોધર આદિ પેટની ગરમી ઓછી કરવામાં ખૂબ અસરકારક છે. ઔષધ યોગો જેવાકે ચંદનાદિ વટી, ચંદ્રપ્રભા વટી, અવિપત્તિકર, લોધ્રાસવ, આદિ પણ ખૂબ અસરકર્તા છે. વ્યક્તિની પ્રકૃતિ અને જરૂરીયાત મુજબ યોગ્ય ડોઝ માં લેવાથી ચોક્કસ ફાયદો થાય.

દરેક ઋતુને માનવાની તો જ મજા આવે જો આપણે સ્વસ્થ હોઈએ. ઉનાળાને કારણે થતા પેટ-આંતરડા કે પાચનના પ્રોબ્લેમને આગોતરા દૂર કરવામાં જ શાણપણ છે.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

# વાણીના પ્રભાવ કરતાં ચારિત્ર્યનો પ્રભાવ અનંતગણો શ્રેષ્ઠ છે

**ધન, જોબનને ઠાકરી તે ઉપર અવિવેક,**
**એ ચાર ભેગાં થાય, અનરથ કરે અનેક.**

● ● ●

એક પ્રાર્થના વાંચવા મળી - 'હે વિવેક ! તને નમસ્કાર. તું અજાણતાં દ્વાર ખોલાવે છે. જીવનને માધુર્ય આપે છે, તે રસ્તે જતાં ને જીવનભરના મિત્રો બનાવે છે. મહાકવિ ગેટે કહેતા, 'ખરો વિવેક છે હૃદયનો. એમાંથી બહારનો વિવેકી વ્યવહાર જાગે છે.'

સિકંદર અને પોરસની વાત જાણતા હશો, યુક્તિ - પ્રયુક્તિ કરીને સિકંદર જીત્યો. પોરસ હાર્યો ને કેદ પકડાયો. સિકંદર પૂછ્યું, 'તમારી સાથે કેવો વ્યવહાર કરું ?'

'એક રાજાને શોભે એવો.' પોરસે બેધડક કહ્યું.

આ એક જ વાકયે સિકંદરના અંતરને જગાડી દીધું. પોરસના જવાબમાં રહેલો મર્મ પણ બરાબર સમજવા જેવા છે. 'એક રાજાને શોભે એવો' એટલે શું ? પોરસને કે સિકંદરને ? એણે બેય અર્થ વિચારીને જોયા; મર્મ પારખી લીધો ને પોરસને માનભેર મુક્ત કર્યો. જો બહારવટિયા જેવો કોઈ રાજા હોત તો એણે પોરસને અપમાનિત કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હોત. પણ એ જાણતો હતો કે વીરત્વ વિવેકથી વધારે ઉજળું બને છે. માટે જ આ ઘટના સિકંદરના મૂલ્વયાન મુગટ કરતાં પણ વધુ યાદ કરાય છે.

ગ્રીસે એક કાળે સૂત્ર વહેતું કર્યું. 'માનવ એક સામાજિક પ્રાણી છે.' પણ આજ કાલ માણસનાં વ્યવહારો જોતાં લાગે છે એ સામાજિક પ્રાણી બની ગયો છે. વિવેકના અભાવે સામાજિક સંબંધોને નામે બનાવટ આદરતો થઈ ગયો છે.

એક સંત માનવ અને જગત વિશે આશ્રમવાસીઓને સમજાવી રહ્યા હતા. સામે એક મોટર મૂકવામાં આવી. એ મોટરના યંત્રનો પટ્ટો કાઢી લેવામાં આવ્યો. પાસે એક મિકેનિક ઊભો હતો. 'આ પટ્ટાનું મૂલ્ય કેટલું ?', 'સાડા ત્રણ રૂપિયો.' 'પટ્ટા વગર મોટર ચાલે ?' 'કોઈ સંજોગોમાં નહીં.', 'મશીનનો એકાદ સ્ક્રૂના હોય તો ?' 'તોણ પણ ના ચાલે.' સંતે સહુને સંબોધીને કહ્યું, 'પટ્ટો, સ્ક્રૂ અને બીજા ભાગ એ મશીનના ભાગ છે. એ જ રીતે આ આખી મોટર વાતાવરણનો એક ભાગ છે. સ્ક્રૂ બગડે તો ના ચાલે એમ મોટર પણ આડી અવળી ચાલે તે ના ચાલે.'



લાગણીનો મેળો

રસિક વાળંદ

એ મોટરની જેમ આપણે પણ આ વાતાવરણના ભાગ છીએ. આપણે આડાઅવળા ચાલીએ એ ના ચાલે. મોટર સરસ ચાલે એ માટે યંત્રવિદ્ ઈજનેરો ખૂબ પ્રયત્નો કરે છે. એને ચલાવવામાં આપણો વિવેક પણ ઉમેરીએ તો રસ્તા ઉપર કેટલો ફરક પડી જાય !!

મારા એક વડીલ મિત્ર મને કહે, 'રસ્તે ચાલતાં, બજારમાં, ઓફિસમાં, મહેમાન સાથે, અજાણ્યા તરફ અને અન્યત્ર વિવેક પૂર્વક વર્તવાની ભલામણ કરવામાં આવે છે પરંતુ ઘરના પ્રત્યેક વ્યક્તિ સાથે વિવેક જાળવવાની વાત કેમ કોઈ કરતું નથી ?! એમ માની લઈએ છીએ કે માણસ પોતાના આત્મીયજનો સાથે તો વિવેકથી જ ચાલે.' પણ આવું જોવા મળે છે ખરું ?

દોસ્તો, આપણે વિવેકી બનીએ તો જીવનનો એક નવો અર્થ સમજાય. માણસ જયારે ખોટી રીતે અવિવેકી બને ત્યારે એ અંદરથી જ બળતો હોય છે. કાંઈક ખોટું કર્યાની ગ્લાનિ પ્રજાળે છે. વિચારે છે કે આને બદલે આમ કર્યું હોતો તો સારું. મનમાં સાકારિત થતા નવા સ્વરુપને વાગોળે છે... પ્રસ્તાય છે... પણ 'હો ગયા સો હો ગયા.' વીતી ગયેલી પળ પાછી ના આવે. કંઈક શીખવા મળ્યું એ પણ ઘણું કહેવાય ને ?! હવે પછી તો આવનારા પ્રત્યેક પ્રસંગને ઉજળા કરી શકીએને ?

તમે જોયું હશે... એક નાનો મનુ રડતો રડતો ઘરે આવ્યો. 'કેમ રડે છે?', 'પેલા કનુડાએ માર્યો.' એને કનુડા ના કહેવાય. 'તો એણે મને મનુડો શા માટે કીધો ?' બસ, આનો કોઈ જવાબ મળે ?!

આ દુનિયામાં તમને ચાલીશ-પચાસ-સાઠ વરસના આવા કનુડા-મનુડા ચોક્કસ મળી આવશે. 'પેલા વિવેકીના બને તો હું શું કામ બનું ?'

આખું વિશ્વ આજે વિસ્ફોટના જવાળામુખી ઉપર ઊભું છે એને બચાવી શકે માત્ર માનવીનો વિનમ્ર - વિવેક. એ પળની રાહ જોતાં પહેલાં જ આપણે વિવેકના બંદા બની જઈએ.

**સ્પર્શમણિ :**

**"મૌન પાળીને સુમનો સુવાસ અને દીપકો પ્રકાશ પસારે છે. છતાં તેમનાં વ્યક્તિત્વને સઘળાં વંદે છે. સામાન્ય માનવીની જીભ અને સંતોનું જીવન બોલે છે. વાણીના પ્રભાવ કરતાં ચારિત્ર્યનો પ્રભાવ અનંતગણો શ્રેષ્ઠ છે. વાણી અને પાણીનો દુરુપયોગ કરવાથી કાદવ જ ઉત્પન્ન થાય છે."**

- સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી

rasikvaland1965@gmail.com
Mo. 9913426949